ગુજરાત સરકાર
વિજ્ઞાન અને પ્રાધ્યોગિકી વિભાગ
ઠરાવ ક્ર. એએચઓ/ 2007/ 285851 /આઈટી
સચિવાલય, ગાંધીનગર.
તા 21- નવેમ્બર 2007

- ઠરાવ -

વિકસતી ટેકનોલોજી સાથે કદમ મીલાવવાના હેતુથી રાજ્ય સરકારે સરકારી કચેરીઓમાં આધુનીકીકરણ ની પ્રક્રિયા હાથ ધરેલ છે અને તેના ભાગ રુપે સરકારી કચેરીઓમાં કોમપ્યુટરાઇજેશનની પ્રક્રિયા હાથ ધરાઈ રહેલ છે. આપ્રક્રિયાના ભાગ રુપે રાજ્ય સરકારની સર્વે કચેરીઓમાં ફાઈલોમા ચાલતી રાજ્ય સરકારની કામગીરીને તબક્કાવાર જીસ્વાન કનેક્ટીવીટીથી જોડવાનુ સરકારે નક્કી કરેલ છે અને તે સંદર્ભે ઈન્ટરનેટ જોડાણ પણ આપાઈ રહેલ છે. આ ઉપરાંત રાજ્ય સરકારે ટેલીફોન માટે પણ એકવાકયતા જળવાય તે હેતુથી એસઆઈસીએન પધ્ધ્તી દાખલ કરેલ છે.

આ સંદર્ભે જુદીજુદી કચેરીઓમાંથી આવી સુવિધા મેળવવા માટેની માંગણીઓ આ વિભાગને મળે છે અને તે મુજબની કામગીરી હાથ ધરવામાં આવી રહેલ છે પરંતુ આ પ્રમાણે કરવાથી રાજ્ય કક્ષાએ સમતોલ વિકાસ થઈ શકતો નથી અને જિલ્લા કક્ષાએ પણ પ્રશ્નો ઉભાથાય છે તે ધ્યાને રાખી સરકારે આવી જીસ્વાન કનેકટીવીટી, ઈંટરનેટ કનેકટીવીટી અને એસઆઈસીએન ફોન કનેકટીવીટીના એલોટમેંન્ટમા એકવાક્યતા લાવવા માટે નક્કી કર્યા મુજબ હવેથી આ પ્રકારની સગવડની માંગણી જેતે કચેરીએ પોતાના ખાતાના વડા મારફત પોતાના સંબધિત વિભાગને મોકલવાની રહેશે અને જે તે વિભાગ પોતાની બજેટની મર્યાદા ચકાસી તે માટેના બજેટની જોગવાઈ છે તેની વિગતો સહ વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગને દરખાસ્ત કરશે.

આ જ પ્રમાણે રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ /કોર્પોરેશનોને પણ આ પ્રકારની સુવિધા જોઈતી હોય તો તેઓની નીચેની કચેરીઓએ આ વિભાગને સીધી દરખાસ્ત ન કરતા તેઓની મુખ્ય કચેરીને દરખાસ્ત મોકલવી અને આ અંગે જે કોઈ ખર્ચ થાય તે અંગેની વ્યવસ્થા વિચારીને બોર્ડ / કોર્પોરેશને અત્રે દરખાસ્ત કરવાની રહેશે.

આ જ પ્રમાણે આ સાધનોની સલામતીની વ્યવસ્થા જે તે કચેરીએ જ કરવાની રહેશે અને જો આ બાબતે સમારકામની જરુરીયાત ઉભી થાય તો તે અંગેનો ખર્ચ પણ જે તે કચેરીએ જ ભોગવવાનો રહેશે.

રાજ્યપાલશ્રીના નામે અને હુકમથી

( આર.એસ.દવે)
સેકશન અધિકારી
વિજ્ઞાન અને પ્રાધ્યોગિકી વિભાગ

નકલ રવાના ;-

1. મા. રાજ્યપાલશ્રીના સચિવશ્રી
2.મા.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી
3. સર્વે મંત્રીશ્રીના અંગત સચિવશ્રી
4. સચિવાલયના સર્વે વિભાગો
5.વિજ્ઞાન અને પ્રાધ્યોગિકી વિભાગ હસ્તકના સર્વે ખાતાના વડા
6.સર્વે બોર્ડ/ કોર્પોરેશનો
7. સીલેક્ટ ફાઈલ

**IFMS મારફતે ઓન લાઇન ગ્રાન્ટની ફાળવણી કરવા બાબત.**

ગુજરાત સરકાર,
**નાણા વિભાગ,**
પરિપત્ર ક્રમાંકઃ અપબ-૧૦૨૦૧૦-૫૯૦-ક,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૯-૦૩-૨૦૧૦.

સંદર્ભઃ- સરકારશ્રીના નાણા વિભાગના સરખા ક્રમાંકના તા.૨૯-૩-૧૦નો પરિપત્ર.

**<u>પ રિ પ ત્રઃ-</u>**

**ચાલુ વર્ષ અંદાજપત્ર અંગેની સઘળી કામગીરી ઓનલાઇન કરવામાં આવેલ અને તદ્દનુસાર ૨૦૧૦-૧૧ ના વર્ષની એટલે કે માહે એપ્રિલ-૨૦૧૦ થી ગ્રાન્ટ ફાળવણી નાણા વિભાગ દ્વારા સર્વે વહીવટી વિભાગોને IFMS મારફતે ઓન લાઇન ફાળવવામાં આવેલ છે. તે અંગેની જાણ સર્વેને સંદર્ભ હેઠળના નાણા વિભાગના તા.૨૯-૦૩-૨૦૧૦ ના સરખા ક્રમાંકના પરિરપત્રથી કરવામાં આવેલ છે.**

ઓન લાઇન ગ્રાન્ટની ફાળવણી અંગેની તાલીમ સચિવાલયના સર્વે વિભાગોને નાણા વિભાગ દ્વારા માર્ચ માસ દરમ્યાન આપવામાં આવેલ છે. વન અને પર્યાવરણ વિભાગ સાથેના તાલીમ વર્ગ દરમ્યાન બે મુદ્દા ઉપસ્થિત કરવામાં આવેલ હતા. જે IFMS સીસ્ટમ અનુસંધાને સચિવાલયના તમામ વિભાગોને અસરકર્તા હોઇ ઉકત મુદ્દાઓ અંગે નીચે મુજબ સ્પષ્ટતા કરવામાં આવે છે.

(૧) મુખ્ય સદરઃ ૮૦૦૦ ઉપરના ડીપોઝીટ તથા ફંડના હેડમાં સરકાર તરફથી ગ્રાન્ટ રીલીઝ કરવામાં આવતી નથી, પરંતુ ડીપોઝીટ ખાતે કે ફંડ ખાતે જમા રકમને ધ્યાને લઇ કન્ટ્રોલીંગ અધિકારી દ્વારા લેટર ઓફ ક્રેડીટ ઇસ્યુ કરવામાં આવે છે. તેને ધ્યાને લઇ આવા ચેકો તિજોરી અધિકારીએ સ્વીકારવાના રહેશે અને તેની બેંકને જાણકારી આપવાની રહેશે.

(૨) જ્યાં GSWAN કનેકટીવીટી ના હોય ત્યાં ગ્રાન્ટ ફાળવણી ઓન લાઇન કરવામાં તકલીફ ઉભી થાય તેમ છે અને પરિણામે નાણા વિભાગે ફાળવેલ ગ્રાન્ટની વહેંચણીમાં વિલંબ થાય છે. રાજ્યની તમામ ટ્રેઝરીઓમાં કનેકટીવીટી આપવામાં આવેલ છે. તે ધ્યાને લેતા જો કનેકટીવીટી ના હોય અથવા કનેકટીવીટી બરોબર કામ કરતી ન હોય, તેવી કચેરીના સંબંધિત અધિકારી / કર્મચારી ટ્રેઝરીના કોમ્પ્યુટર ઉપર જ ગ્રાન્ટ ફાળવણી કરે તો તે હાલના પ્રાથમિક તબક્કે ઉપયોગી બની રહેશે અને ગ્રાન્ટ ફાળવણી સમયસર થઇ શકશે. આથી તમામ ગ્રાન્ટ ફાળવણી કરતા અધિકારીઓને

જણાવવામાં આવે છે કે જો તેમને GSWAN કનેકટીવીટીની તકલીફ હોય અને ગ્રાન્ટ ફાળવણી કરવામાં મુશ્કેલી પડતી હોય તો તે ટ્રેઝરી ઓફીસના કોમ્પ્યુટર પર ઓન લાઇન ગ્રાન્ટ ફાળવણી કરી શકશે. ટ્રેઝરી અધિકારીઓએ આ અંગે સહકાર આપવાનો રહેશે તેમ જણાવવામાં આવે છે.

(આર.એચ.પાઠક)
ઉપ સચિવ,
નાણા વિભાગ,

પ્રતિ,

- રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
  મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,
  અન્ય મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
  વિધાનસભાના વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી.
  સચિવાલયના સર્વે વિભાગોના બધા અધિક મુખ્ય/અગ્ર/સચિવશ્રી.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
  તમામ કલેકટરશ્રી/જિલ્લા વિકાસ અધિકારીશ્રી.
  તમામ તિજોરી અધિકારીઓ/ પેટા તિજોરી અધિકારીઓ
  સચિવાલયના સર્વે વિભાગો.
  સર્વે ખાતાના વડાઓ
  એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ), ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
  એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ.એન્ડ ઈ.), ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
  નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
  પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ / ગાંધીનગર / નર્મદા.
  વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર / વડોદરા / રાજકોટ/ ભાવનગર / અમદાવાદ.
  સર્વે નાણાંકીય સલાહકારશ્રીઓ.
  નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
  નાણા વિભાગની સર્વે શાખાઓ.
  નાણા વિભાગની વિસ્તૃત અંદાજપત્ર શાખાના સર્વે ગૃપ.
  પસંદગી ફાઇલ, "ક" શાખા.
  ક વર્ગ વહેંચણી

- પત્ર દ્વારા

D:\BUDGET-2010-11\APB-102010-590-K-3-17042010.doc